રાજ્યમાં આવેલ તમામ બોર્ડની શાળાઓમાં ધોરણ ૧ થી ૧૨ ના વર્ગોમાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય (Offline Education) શરૂ કરવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંક : પીઆરઇ/૧૨૨૦૨૦/૧૯૨૯૩૧/ક(પાર્ટ-૧)
સચિવાલય, સરદાર ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર
તા. ૧૮/૦૨/૨૦૨૨

વંચાણે લીધા :

(૧) શિક્ષણ વિભાગનો તા. ૦૫/૦૪/૨૦૨૧નો પત્ર ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૨૦/૧૯૨૯૩૧/ક
(૨) શિક્ષણ વિભાગનો તા. ૨૭/૦૮/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૨૦/૧૯૨૯૩૧/ક (પાર્ટ-૧)
(૩) શિક્ષણ વિભાગનો તા. ૨૧/૧૧/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૧૨૦૨૦/૧૯૨૯૩૧/ક(પાર્ટ-૧)
(૪) શિક્ષણ વિભાગનો તા. ૧૯/૧૨/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૧૨૦૨૦/૧૯૨૯૩૧/ક(પાર્ટ-૧)
(૫) શિક્ષણ વિભાગનો તા.૩૧/૦૧/૨૦૨૨ નો પરિપત્ર ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૨૦/૧૯૨૯૩૧/ક (પાર્ટ-૧)
(૬) શિક્ષણ વિભાગનો તા.૦૫/૦૨/૨૦૨૨ નો પરિપત્ર ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૨૦/૧૯૨૯૩૧/ક (પાર્ટ-૧)

પ્રસ્તાવના :

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) અને (૨) હેઠળના ઠરાવથી કોરોના મહામારીના કારણે રાજ્યની શાળાઓમાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય બંધ કરવામાં આવેલ હતું. વંચાણે લીધા ક્રમાંક (૩) હેઠળના તારીખ ૨૧/૧૧/૨૦૨૧ના ઠરાવથી રાજ્યમાં આવેલ તમામ બોર્ડની શાળાઓમાં ધોરણ ૧ થી ૧૨ ના વર્ગોમાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય પુન: શરૂ કરવામાં આવેલ. ત્યારબાદ શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૪) હેઠળના તારીખ ૧૯/૧૨/૨૦૨૧ના પરિપત્રથી પ્રવર્તમાન સંજોગોમાં સાવચેતીના ભાગરૂપે સતર્કતા રાખવાની જરૂરિયાત હોઇ રાજ્યમાં આવેલ તમામ બોર્ડની સરકારી/ખાનગી અને અનુદાનિત શાળાઓના શૈક્ષણિક-બિનશૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓએ ધ્યાનમાં રાખવાની બાબતો પરિપત્રિત કરવામાં આવેલ છે. શિક્ષણ વિભાગના સંદર્ભ (૫) હેઠળના તારીખ ૩૧/૦૧/૨૦૨૨ ના પરિપત્રથી રાજ્યમાં આવેલી તમામ બોર્ડની સરકારી/ખાનગી અને અનુદાનિત પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં માત્ર ઓન-લાઇન શિક્ષણ આપવાની સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી. છેલ્લે સંદર્ભ (૬) હેઠળના પરિપત્રથી ધોરણ ૧ થી ૯ માં ઓન-લાઇન શિક્ષણ સાથે સાથે શાળાઓમાં ઓફ-લાઇન શિક્ષણ પણ શરૂ કરી શકાશે. વિદ્યાર્થી ઓન-લાઇન કે ઓફ-લાઇન પૈકી પોતાની પસંદગી મુજબ શિક્ષણ મેળવી શકશે. તે મુજબ સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી.

(પાછળ જુઓ....)

પરિપત્ર :

હવે રાજ્યમાં પ્રવર્તમાન સમયમાં COVID-19 ની પરિસ્થિતિ અનુસાર વિદ્યાર્થીઓના વિશાળ હિતને ધ્યાને લઇ તારીખ ૨૧/૦૨/૨૦૨૨ ને સોમવારથી રાજ્યની તમામ બોર્ડની ધોરણ ૧ થી ૧૨ ની શાળાઓમાં પૂર્વવત રાબેતા મુજબ વિદ્યાર્થીઓની ૧૦૦% હાજરી સાથે ફરજીયાતપણે પ્રત્યક્ષ રીતે વર્ગમાં શૈક્ષણિક કાર્ય (Offline Education) શરૂ કરવાનું રહેશે.

સરકારશ્રી દ્વારા કોવિડ-૧૯ સંબંધિત પ્રસિધ્ધ કરવામાં આવતી વખતો વખતની SOP નું પાલન કરવાનું રહેશે.

કોરોના સમયગાળા દરમિયાન થયેલ લર્નિંગ લોસને પહોંચી વળવા માટે G Shala App નો વધુમાં વધુ ઉપયોગ Blended Learning માટે કરી તમામ સરકારી અને ખાનગી સ્વનિર્ભર શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં ઉપયોગ કરવાનો રહેશે.

(એમ. કે. પરમાર)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,
- માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર,
- અધિક મુખ્ય સચિવશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, બ્લોક નં. ૪, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (નાણા), સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (પ્રા.શિ. અને મા શિ.), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી, સેક્ટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર,
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં. ૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર .
- નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., સેક્ટર-૧૨,ગાંધીનગર.

- સર્વે જીલ્લા કલેક્ટરશ્રીઓ /મ્યુનિસીપલ કમિશનરશ્રીઓ / જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ / જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ /શાસનાધિકારીશ્રીઓ *(નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફતે)*
- વિભાગની સર્વે શાખાઓ.
- આઇ.ટી. શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (આ પરિપત્ર વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂં)
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.